Permission Letter 16-3-17/53

# વાપી નગરપાલિકા– વાપી

તા–વાપી, જિ.વલસાડ

## મકાન બાંધકામ પરવાનગી બાબત

પરવાનગી ક્રમાંક : ૯૧ જાવક નં.ટીપી / રજી.૨/ વશી.૩૦૨ /૨૦૧૭–૧૮/૩૦૫

વર્ષ : ૨૦૧૭–૧૮ તા–૧૯/૫ /૨૦૧૭

અરજી કર્યાની તારીખ : ૭/૫/૧૬

નગરપાલિકામાં આવક નંબર : ૧૯૧૨

ટાઉન પ્લાનિંગ સમિતિની મીટીગની તારીખ : ૧૬/૩/૧૭

ઠરાવ ક્રમાંક : ૨(૮૬)

શ્રી નિકેશભાઈ એચ.બલર તે શ્રી રણજીતરાય ભુલાભાઈ દેસાઈના પાવર ઓફ એટર્ની હોલ્ડર રહે. વાપીને તેમની માલિકીની વાપી નગરપાલિકાના વાપી વિસ્તારમાં આવેલ મોજે.વાપીના સ.નં.૫૪૪, ૫૫૭ પૈકી ૬ વાળી ૩૬૧૬.૦૦ ચો.મી. જમીનમાં ૪૩૩૭.૫૧ ચો.મી. રહેણાંક/વાણિજય બાંધકામ માટે નીચેની શરતોએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (સને–૧૯૭૬ નો રાષ્ટ્રપતિ અધિનિયમ નંબર–૨૭) ની કલમ ૨૯ હેઠળ નીચે જણાવેલ વિગતો મુજબ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

બાંધકામની વિગત :–

| અ. નં. | ફલોર (માળ) | બાંધકામ (એફ.એસ.આઈ બિલ્ટઅપ)નું ક્ષેત્રફળ (ચો.મી.) | બાંધકામ નો ઉપયોગ/ હેતુ | એકમ (સંખ્યા) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બિલ્ડીગ 'એ' તથા બિલ્ડીગ 'બી' | બેઝમેન્ટ પાર્કિંગ<br>ઓપન પાર્કિંગ<br>સીઓપીમાં પાર્કિંગ | | – | ૧૭૩૧.૧૫ ચો.મી.<br>૩૨૨.૩૫ ચો.મી.<br>૫૪૬.૦૮ ચો.મી. |
| | બિલ્ડીગ 'એ'<br>ભોયતળિયે<br>પ્રથમ માળ<br>બીજો માળ<br>ત્રીજો માળ | –<br>૬૫૫.૮૬<br>૫૬૮.૪૨<br>૪૯૧.૩૮<br>૩૯૭.૨૪ | –<br>દુકાન(૨૦)<br>ઓફિસ(૧૩)<br>ઓફિસ(૧૩)<br>ઓફિસ(૯)<br>કલીનીક(૨)<br>રહેણાક | –<br>૧૦(દસ)<br>૬.૫(સાડા છ)<br>૬.૫(સાડા છ)<br>૪.૫(સાડા ચાર)<br>૧(એક)<br>૧(એક) | |
| | | ૨૧૧૨.૯૦ | | ૨૯.૫ (સાડા ઓગણત્રીસ) ડેન્સીટી યુનિટ | |

| અ. નં. | ફલોર (માળ) | બાંધકામ (એફ.એસ.આઈ બિલ્ટઅપ)નું ક્ષેત્રફળ (ચો.મી.) | બાંધકામ નો ઉપયોગ/ હેતુ | એકમ (સંખ્યા) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨ | બિલ્ડીંગ 'બી'<br>ભોંયતળિયે<br>પ્રથમ માળ<br>બીજો માળ<br>ત્રીજો માળ | —<br>૬૮૯.૦૪<br>૫૯૮.૮૪<br>૫૧૮.૦૯<br>૪૧૯.૧૧ | —<br>દુકાન(૨૧)<br>ઓફિસ(૧૪)<br>ઓફિસ(૧૪)<br>ઓફિસ(૧૦)<br>કલીનીક(૨)<br>રહેણાક | —<br>૧૦.૫(સાડા દસ)<br>૭(સાત)<br>૭(સાત)<br>૫(પાંચ)<br>૧(એક)<br>૧(એક) | |
| | | ૨૨૨૪.૬૧ | | ૩૧.૫ (સાડા એકત્રીસ) ડેન્સીટી યુનિટ | |
| | કુલ | ૪૩૩૭.૫૧ | | ૬૧ (એકસઠ) ડેન્સીટી યુનિટ | ૨૫૯૯.૫૭ ચો.મી. પાર્કિંગ |

**★ શરતો ★**

૧. મંજૂર કરેલ બાંધકામથી વધારાનું કોઈપણ બાંધકામ પરવાનગી વગર કરવું નહીં.

૨. તમામ બાંધકામ તમારે તમારી હદમાં કરવાનું રહેશે. અને હદ અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી તમારે શીરે રહેશે.

૩. મંજુર નકશા મુજબના ધારા ધોરણને આધિન રહીને તેમજ ઠરાવેલ ધોરણ અનુસાર રોડ માર્જીન છોડી બાંધકામ કરવાનું રહેશે.

૪. બાંધકામ ચાલુ કરતા પહેલા અને પૂરું થયેથી દિન-૧૫ (પંદર) માં નગરપાલિકાને લેખિત જાણ કરવાની રહેશે.

૫. મકાનના ગંદા પાણીની વ્યવસ્થા આપના દ્વારા કરાવવાની રહેશે.

૬. સેપ્ટીક ટેન્ક યોગ્ય ક્ષમતાવાળી રાખવાની રહેશે.

૭. પાણીની વ્યવસ્થા માટે અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીની સગવડ રાખવાની રહેશે.

૮. પાણીના નિકાલના હયાત વહેણને અકબંધ રાખવાનું અથવા પાણીના નિકાલ અંગેની યોગ્ય અને વ્યવસ્થિત વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.

૯. ગંદાપાણીની અથવા કોઈપણ પ્રકારની લાઇન ન.પા. તરફથી નાંખવામાં આવે ત્યારે તેને આપના કમ્પાઉન્ડમાંથી પસાર કરવા દેવાની રહેશે.

૧૦. વરસાદના પાણી સિવાયના પાણીનો નિકાલ જાહેર રોડ ઉપર નહીં થાય એવી વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. મળના નિકાલ માટે કાચો ખાડો કરી શકાશે નહીં.

૧૨. જાંજરૂ પાણી બંધ સેપ્ટીક ટેન્ક બનાવી શકાશે. ખાડા જાજરૂ કરી શકાશે નહીં.

૧૩. બાંધકામમાં સડેલા યા સહેલાઈથી સળગી જાય એવા પદાર્થોનો યા સાધનોનો ઉપયોગ કરવો નહીં.

૧૪. નગપાલિકાના બાંધકામ સંબંધી હાલના અને હવે પછીના આરોગ્ય તેમજ અન્ય દ્રષ્ટિએ થતાં નિયમો બંધનકર્તા રહેશે.

૧૫. રોડની સફીલ લાગુ પડતી હોય ત્યારે બાંધકામ પૈકીનું કોઈપણ બારણું કે દરવાજો જાહેર રોડ તરફ ખૂલે એ રીતે મુકવો નહીં.

—૩—

૧૬. કોઈપણ નળ સીધો જાહેર રોડ પર ન પડે તે માટે પરનાળ મુકી પાઈપથી પાણી પડે તેવી વ્યવસ્થા કરવી.

૧૭. નેવના પાણી જાહેર રોડ પર ન પડે તે માટે પરનાળ મુકી પાઈપથી પાણી પડે તેવી વ્યવસ્થા કરવી.

૧૮. બાંધકામ માટે દર્શાવેલ લાઈનની બહાર કોઈપણ પ્રકારનું છજ્જુ યા આકાશી દબાણ કરવું નહીં.

૧૯. કેન્દ્ર સરકાર, રાજય સરકાર તેમજ વડી પંચાયતોના રોડની સફીલ લાગુ પડતી હોય તો રોડ જે સંસ્થાના કબજા હેઠળ હશે તેના નિયમો બંધનકર્તા રહેશે.

૨૦. રેલ્વેની હદથી ૩૦ મીટરની અંદર બાંધકામના કિસ્સામાં રેલ્વે વિભાગનું "ના વાંધા પ્રમાણપત્ર" (NOC) મેળવી લેવાનું રહેશે. જેની નકલ નગરપાલિકાને રજૂ કરવાની રહેશે.

૨૧. અરજદારની મિલકત નહીં હોય તેવી જમીન પર બાંધવા આ પરવાનગીથી કંઈપણ હક્ક મળતો નથી.

૨૨. જી.ઈ.બી. દ્વારા ટ્રાન્સફર્મર મુકવાની જરૂર પડે ત્યારે પોતાના કમ્પાઉન્ડમાં મુકાવવાનું રહેશે.

૨૩. કમ્પાઉન્ડમાં કચરાપેટી રાખવાની રહેશે.

૨૪. બાંધકામના નીચેના દરેક તબક્કે ફોર્મ નં.૧૧ માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે. અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબક્કાનું બાંધકામ કરવાનું રહેશે.
(૧) પ્લિન્થ
(૨) ભોંયતળિયે
(૩) વચ્ચેનો માળ
(૪) છેલ્લો માળ

૨૫. આ પરવાનગીના કારણે અરજદારની માલિકી/કુલમુખત્યારનામું તથા જમીનનો હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજૂરી મળતી નથી, પરંતુ નિયમોનુસાર વિકાસ અંગેની મંજૂરી મળેલ છે તેમજ આ પરવાનગી અધિકૃત સનદના માપને આધિન રહીને આપેલ ગણાશે.

૨૬. ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ -૧૯૭૬ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ સિવાયના બીજા વર્તમાન કાયદાઓ હેઠળ લેવાપાત્ર મંજૂરીને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

૨૭. ઔદ્યોગિક / વાણિજય બાંધકામને લગતા સરકારશ્રીના જુદા જુદા ખાતાઓના નીતિનિયમો પણ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે. તેમજ તે અંગે સંબંધિત કચેરીનું ના વાંધા પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

૨૮. લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ ખુલ્લી જમીનમાં વોટર રિ-ચાર્જિંગ / વરસાદી પાણીનો ભૂગર્ભમાં સંગ્રહ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૨૯. માન્ય લેબોરેટરીના રિપોર્ટસ અન્વયે જમીન પર થનાર વિકાસ કાર્યનો યોગ્યતા અને સલામતિના માપદંડ તથા સુચવેલ ભલામણોનો અમલ કરી તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે મુજબ બાંધકામની મજબૂતાઇ અંગે સ્ટ્રકચરલ એન્જિનીયરે નકશા તૈયાર કરવાના રહેશે. તથા બાંધકામ કરવાનું રહેશે. તથા તેની જાણ સમયાંતરે સત્તામંડળને કરવાની રહેશે.

૩૦. સરકારશ્રીના તા-૨૯/૫/૨૦૦૧ના સ્ટ્રકચરલ સેફટી અંગેના એનેક્ષરના વિનિમય ૧૩, ૧૪, ૧૫ની જોગવાઇ અનુસાર ભૂકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાં વપરાતા ઇમારતી માલ સામાનની ગુણવત્તા અને તેની ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતિ તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાતોના સલાહ-સૂચનો મુજબ પગલાં લેવાની તમામ જવાબદારી આર્કિટેકટ/ઇજનેર/સ્ટ્રકચરલ એન્જિનીયર/કલાર્ક ઓફ વર્કસ/સુપરવાઇઝર/ડેવલપર્સ/જમીન માલિકની રહેશે.

ઉપરની શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. એનો ભંગ થતા માલમ પડશે તો પાલિકા તુરત જ બાંધકામ સામે મનાઇ ફરમાવી શકશે અને વધારાનું બાંધકામ અગર દબાણ કર્યું હશે તો તે બાંધકામ તમારા હિસાબે અને જોખમે દૂર કરવામાં આવશે તથા તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

આ મકાનનું બાંધકામ/સમારકામ/ફેરફાર કામ પૂર્ણ થયેથી આ કામે થયેલ ખર્ચ સહિત સદર મિલ્કતની કિંમતની જાહેરાત કરતી આકારણી અંગેની અરજી તાત્કાલીક અત્રેની કચેરીમાં આથી સદર મિલ્કત અંગે વાપી નગરપાલિકા મારફતે આકારણી કરાવડાવી ભરવાપાત્ર થતા કરની રકમ ભરપાઇ કરવાની રહેશે. આકારણી થઇ કર ભર્યા પછી જ જે તે હેતુ માટે મકાનનો ઉપયોગ કરી શકાશે.

નોંધ : જાહેર જનતાને હિત સંબંધે વિકાસ પરવાનગી સાથે મંજુર કરાયેલ નકશાઓનો લેમીનેટ કરાયેલ એક સેટ નકલ સ્થળ ઉપર રાખવાનું રહેશે. તેમજ વિકાસ પરવાનગીનું નંબર તારીખ તેમજ જમીનની વિગત દર્શાવતું બોર્ડ પ્રસિધ્ધ કરવાનું રહેશે.

ચીફ ઓફિસર
વાપી નગરપાલિકા અને વિસ્તાર વિકાસ સત્તામંડળ
વાપી

પ્રતિ,
શ્રી નિકેશ એચ.બલર તે
શ્રી રણજીતરાય ભુલાભાઈ દેસાઈના પાવર ઓફ એટર્ની હોલ્ડર,
ચલા–દમણ રોડ, ચલા–વાપી.

આ હુકમની નકલ તથા મંજુર થયેલ પ્લાનનો ૧ (એક) સેટ મળેલ છે. હુકમની તમામ શરતો મેં / અમે વાંચી છે. તથા તે મને / અમને કબુલ મંજૂર છે.

.................................................
પરવાનગી લેનારની સહી